<table>
<tr><td rowspan="5">GJKT020018602014</td><td rowspan="5"></td><td>દાખલ તારીખ</td><td colspan="3">૧૯/૦૫/૨૦૧૪</td></tr>
<tr><td>નોંધ્યા તારીખ</td><td colspan="3">૧૯/૦૫/૨૦૧૪</td></tr>
<tr><td>નિકાલ તારીખ</td><td colspan="3">૧૬/૦૬/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમયગાળો</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૧૨</td><td>૦</td><td>૨૮</td></tr>
</table>

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તા.૨૦/૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ**

## FORM : A

**ના.શ્રી અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભુજ–કચ્છ**

**ફોજદારી કેસ નંબર : ૯૮૧/૨૦૧૪**

**આંક–બી/૧૯૦**

**એફ.આઇ.આર. ની વિગતો, ગુન્હો અને પોલીસ સ્ટેશન :–**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન<br>એફ.આઇ.આર. નંબર | **પધ્ધર પોલીસ સ્ટેશન**<br>**ફસ્ટ ગુ.ર.નં.૨૯/૨૦૧૩** |
| ગુન્હો | **ભારતીય દંડ સંહિતાની કલમ–૪૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ** |
| **ત્હોમતનામા મુજબ ત્હોમત** | ઉપર મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરીયાદી : મયુરીબેન સંજયભાઇ ઠકકર) |
| વિધ્વાન એ.પી.પી. | **શ્રી એ.એન.ઠાકોર** |
| **આરોપી** | **૧. લખમણ ઉર્ફે ભુરો કરમણ બતા (આહીર)**<br>ઉ.વ. ૪૪, ધંધો–ખેતી<br>રહે. કોટાય, તા. ભુજ–કચ્છ<br>**૨. હૈદરશા અબ્દુલશા પીર (મુસલમાન)**<br>ઉ.વ. ૩૮, ધંધો–ખેતી<br>રહે. મુળ ગામ કુનરીયા, તા. ભુજ–કચ્છ<br>હાલે અમીનગર પ્લોટ નં.૧૨/૧૩ ભુજ–કચ્છ |

| | |
|---|---|
| | **૩. ધનજીભાઇ હીરજીભાઇ ભુવા (પટેલ)**<br>ઉ.વ. ૫૧, ધંધો–ખેતી<br>રહે. મુળ ગામ સુખપર, તા. ભુજ–કચ્છ<br>**૪. ઈબ્રાહીમ અલીમામદ સુમરા (મુસલમાન)**<br>ઉ.વ. ૪૭, ધંધો–ખેતી<br>રહે. મુળ ગામ કુનરીયા, તા. ભુજ–કચ્છ |
| **બચાવપક્ષ તરફે** | **વિધ્વાન વકીલ શ્રી આર.બી.ગાગલ, શ્રી એ.જે.ઠકકર તથા શ્રી એફ.એમ.સીંધી** |

## **FORM–B**

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૨૫/૧૦/૨૦૧૩ |
| ફરીયાદની તારીખ | ૨૫/૧૦/૨૦૧૩ |
| ચાર્જશીટની તારીખ | ૧૭/૫/૨૦૧૪ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૧૯/૭/૨૦૧૬,<br>૩/૭/૨૦૧૮ |
| પુરાવો શરુ કર્યાની તારીખ | ૪/૧/૨૦૧૮ |
| ચુકાદો અનામતમાં રાખ્યા તારીખ | – |
| ચુકાદાની તારીખ | **ઉપર મુજબ** |
| સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો | – |

### **આરોપી/ઓની વિગત :–**

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો, તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી ? | બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૮ મુજબ ટાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ઉપર મુજબ | તમામ ૫/૫/૨૦૧૪ | તમામ ૫/૫/૨૦૧૪ | ઉપર મુજબ | હુકમ મુજબ | – | – |

## **FORM–C**

### **ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના પુરાવાનું લીસ્ટ :–**

**(એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવા (જુબાની) :**

| **સાહેદ નંબર** | **સાહેદનું નામ** | **કયા પ્રકારનો સાહેદ/પુરાવો** | **આંક** |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧. | કાસમ ઈસ્માઈલ કકલ | પંચ સાહેદ | ૭૨ |
| ૨. | ઉમર બુઢા સમેજા | સાહેદ | ૭૫ |
| ૩. | દિલીપસિંહ કરણસિંહ જાડેજા | પંચ સાહેદ | ૭૭ |
| ૪. | ગણેશ કરશન આહીર | સાહેદ | ૭૮ |
| ૫. | મયુરીબેન સંજયભાઈ ઠકકર | ફરીયાદી | ૮૭ |
| ૬. | સંજય પ્રતાપભાઈ ઠકકર | સાહેદ | ૧૪૨ |
| ૭. | વીરમભાઈ રમાભાઈ ગઢવી | સાહેદ | ૧૪૫ |
| ૮. | ડો. જયાબેન વિકાસ ગોહીલ | મે.ઓ. | ૧૫૦ |
| ૯. | ડો. મીરાબેન યુગલ કિશોર ઝા | મે.ઓ. | ૧૫૧ |
| ૧૦. | સહદેવ ભાણાભાઈ ચાડ | પંચ સાહેદ | ૧૫૯ |
| ૧૧. | લખમણજી રમજુજી ડાભી | ત.ક.અ. | ૧૬૨ |
| ૧૨. | કનકસિંહ ગગુભા રાણા | ત.ક.અ. | ૧૬૩ |
| ૧૩. | ઘેલાભાઈ રાજાભાઈ ગઢવી | ત.ક.અ. | ૧૭૪ |

**(બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧. | – | – | – |

**(સી) કોર્ટ સાહેદો જો હોય તો,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો | આંક |
|---|---|---|---|
| ૧. | – | – | – |

**ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સ્થાનિક જગ્યાનું પંચનામું | ૪૩ |
| ૨. | ફરીયાદ | ૮૮ |
| ૩. | હથિયારબંધીનું જાહેરનામું | ૧૪૬ |
| ૪. | ફરીયાદીનું સારવાર સર્ટીફીકેટ | ૧૫૨ |
| ૫. | રીકવરી તથા અટક પંચનામું | ૧૬૦ |

**બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | – | – |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા :**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | – | – |

**–:: ચુકાદો ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૫/૧૦/૨૦૧૩ ના રોજ કલાક ૧૮–૩૦ વાગ્યાના સુમારે રેલડી ગામની સીમમાં, તા. ભુજ–કચ્છ મધ્યે આ કામના આરોપીઓએ ફરીયાદીના ખેતરમાં ખાડા ખોદી દિવાલ તોડી નાખી ફરીયાદીને ભુંડી ગાળો આપી, માર મારી ઈજા પહોંચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી તેમજ બનાવ સમયે જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, કચ્છ નાઓનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં જાહેરમાં હથિયાર ધારણ કરી જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે.

(૨) જે ફરીયાદ ઉપરોકત મુજબના શિક્ષાને પાત્ર ગુનાથી નોંધી, આ કામની તપાસ જે તે તપાસ કરનાર અધિકારીને સોંપાતા તેઓએ આ કામની તપાસ કર્યા બાદ તપાસના અંતે તેઓએ હાલનું આ ચાર્જશીટ આરોપી સામે ચીફ જયુડીશીયલ મેજીસ્ટેટ સાહેબ, ભુજની કોર્ટમાં રજુ કરેલું અને તેઓ સાહેબ તરફથી સદરહુ કેસ અત્રેની કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી થવા માટે ટ્રાન્સફર થઈ ક્રમશ: આ કોર્ટમાં આવેલ છે.

(૩) ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીઓને હાજર રહેવા સમન્સ કરવામાં આવતા તેઓ પોતાના વકીલશ્રી મારફતે હાજર થતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે તેમની સામેના કેસના કાગળોની નકલો વિના મુલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપી વિરુધ્ધ આંક–૨૪ અને ૫૦ થી ત્હોમતનામું ફરમાવી તે ત્હોમતનામાની વિગતો વાંચી, સંભળાવી, સમજાવી આરોપી વિરુધ્ધ ઉપરોકત ગુનાઓ સંબંધેનું નિવેદન/પ્લી આંક–૨૫ થી ૨૮ અને ૫૧ થી ૫૪ સુધી નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ આક્ષેપવાળા ગુના કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલ છે. જેથી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપર મુજબ ફોર્મ–સી મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૫) ઉપરોકત પુરાવા સિવાય ફરીયાદપક્ષે વધુ કોઈ પણ જાતનો પુરાવો રજુ કરેલ નથી અને આ કામે ફરીયાદપક્ષે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ આક્ષેપિત ગુનાઓ કરેલા છે તે હકીકતનો ઈન્કાર કરેલ છે તેમજ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે આવો કોઈ ગુનો કરેલ નથી ખોટી રીતે સંડોવેલ છે આથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે. પરંતુ પોતાના કથનના સમર્થનમાં કોઈપણ જાતનો પુરાવો રજુ કરેલ નથી.

(૬) ત્યારબાદ ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષ પોતાનો નિ:શંકપણે પુરાવો રજુ કરેલ હોઈ આરોપીને કાયદામાં ફરમાવેલ સખતમાં સખત સજા કરવા જણાવેલ છે.

(૭) બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી. તેઓએ જણાવેલ છે કે હાલના કામે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો જોતાં આરોપીઓને હાલના ગુના કામે સાંકળી શકાય તેમ જણાઈ આવતું ન હોઈ નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૮) સદરહુ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-:: મુદાઓ ::-</u>**

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબીત કરે છે કે, તા.૨૫/૧૦/૨૦૧૩ ના રોજ કલાક ૧૮-૩૦ વાગ્યાના સુમારે રેલડી ગામની સીમમાં, તા. ભુજ-કચ્છ મધ્યે આ કામના આરોપીઓએ ફરીયાદીના ખેતરમાં ખાડા ખોદી દિવાલ તોડી નાખી ફરીયાદીને ભુંડી ગાળો આપી, માર મારી ઈજા પહોંચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી તેમજ બનાવ સમયે જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, કચ્છ નાઓનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હોવા છતાં જાહેરમાં હથિયાર ધારણ કરી જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૪૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૯) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે દર્શાવેલ કારણોસર નીચે મુજબ છે.

**<u>નિર્ણય :-</u>** ૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

## <u>-:: નિર્ણય માટેના કારણો ::-</u>

**<u>મુદા નં. ૧ ની ચર્ચા :-</u>**

(૧૦) આ કામે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મુલ્યાંકનને લગતી મહત્વની બાબતની ચર્ચા કરવી અત્રે જરૂરી બને છે. ભારતીય સાક્ષી અધિનીયમમાં પુરાવાના મુલ્યાંકન માટે કાયદા ધ્વારા પ્રસ્થાપિત કોઈ સર્વ સામાન્ય નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે, દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર, ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૩ માં જણાવેલ સાબિત, ના સાબિત તથા બિન સાબિત ની વ્યાખ્યા પર આધારીત છે. ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૦૧ અને કલમ-૧૦૨ સાબિતીનો બોજો અને સાબિતીનો બોજો કોના ઉપર છે, તે બાબત પર પ્રકાશ પાડે છે. ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૦૧ મુજબ, "સાબિતીનો બોજો જે એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ હકક અથવા જવાબદારી વિશે કોઈ બીજુ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે". ભારતીય પુરાવા અધિનીયમ કલમ-૧૦૨ મુજબ, 'બેમાંથી કોઈ પક્ષકાર તરફથી પુરાવો આપવામાં ન આવ્યો હોય તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તેના ઉપર દાવા અથવા કાર્યવાહીમાં સાબિતીનો બોજો છે'. સદર જોગવાઈ મુજબ ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રહીને સાબિત કરવાની હોય છે, જયારે આરોપીએ પોતાના બચાવમાં ફકત સંભવિતતાની શકયતા દર્શાવવાની હોય છે. જો ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો તેનો સીધો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. ઉપરોકત મુજબના કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અન્વયે હાલના કેસમાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૧૦.૧) આ કામના આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલા ગુના સંબંધે ફરીયાદપક્ષે નીચે મુજબના સાહેદોનો પુરાવો રજુ કરેલ છે.

<u>સાહેદોનો પુરાવો :–</u>

(૧૧) ફરીયાદપક્ષે આ કામે **પંચ સાહેદ કાસમ ઈસ્માઈલ કકલને આંક–૭૨ થી** તથા **દિલીપસિંહ કરણસિંહ જાડેજાને આંક–૭૭ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં પંચનામા બાબતે કાંઈ જાણતા નથી અને તેઓની હાજરીમાં પોલીસે પંચનામાની કોઈ કાર્યવાહી કરેલ નથી પોલીસે માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવેલ છે અને સહી ઓળખી બતાવેલ છે અને સ્થાનિક જગ્યાનું પંચનામું પુરાવામાં આંક–૭૩ થી રજુ થયેલ છે.

આ પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોઈ, ફરીયાદપક્ષ ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે તેમાં પણ ફરીયાદપક્ષને સમર્થનરુપ હકીકત જણાવવામાં નિષ્ફળ ગયેલ છે.

બચાવપક્ષની ઉલટતપાસમાં તેઓએ એ હકીકત કબુલ કરેલ છે કે પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહી કરાવેલી તે સિવાય કશું જાણતા નથી.

(૧૨) ફરીયાદપક્ષે આ કામે **પંચ સાહેદ સહદેવ ભાણાભાઈ ચાડને આંક–૧૫૯ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં પંચનામા બાબતે કાંઈ જાણતા નથી અને તેઓની હાજરીમાં પોલીસે પંચનામાની કોઈ કાર્યવાહી કરેલ નથી કે કોઇ ઇસમને અટક કરી મુદામાલ કબજે કરેલ નથી અને માત્ર સહી કરેલાનું જણાવેલ છે અને સહી ઓળખી બતાવેલ છે અને મુદામાલ કબજે કર્યાનું તથા અટક પંચનામું પુરાવામાં આંક–૧૬૦ થી રજુ થયેલ છે.

આ પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોઈ, ફરીયાદપક્ષ ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે તેમાં પણ ફરીયાદપક્ષને સમર્થનરુપ હકીકત જણાવવામાં નિષ્ફળ ગયેલ છે.

બચાવપક્ષની ઉલટતપાસમાં તેઓએ એ હકીકત કબુલ કરેલ છે કે પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહી કરાવેલી તે સિવાય કશું જાણતા નથી.

(૧૩) ફરીયાદપક્ષે આ કામના **સાહેદ ઉમર બુઢા સમેજાને આંક–૭૫ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ફરીયાદી મયુરીબેનને ઓળખે છે. તેઓને કોઇની સાથે કોઇ બાબતે બનાવ બનેલ, કઇ બાબતે તે તેઓ જાણતા નથી. બનાવ હકીકત જાણતા નથી. તેઓ હૈદરશા તથા લખમણ ભુરાને ઓળખતા નથી. પોલીસે તેની સહી લીધેલ.

આ સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપતા ન હોઈ, ફરીયાદપક્ષ ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં પણ સાહેદ ફરીયાદપક્ષને સમર્થનરુપ હકીકત જણાવવામાં નિષ્ફળ ગયેલ છે.

(૧૪) ફરીયાદપક્ષે આ કામના **સાહેદ ગણેશ કરશન આહીરને આંક–૭૮ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ત્રણ સાડા વર્ષ પહેલા બનેલો. તે વખતે તે સંજયભાઇની વાડી પર કામ કરતા હતા. બનાવ વખતે તે બાજુમાં કામ કરતા હતા અને ત્યાં ૧૫ માણસો હાજર હતા. શું ઝઘડો થયો તેની તેમને ખબર નથી. પોલીસે નામ ઠામ પુછી સહી લીધેલી તેણે કાંઇ લખાવેલ નથી.

આ સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપતા ન હોઈ, ફરીયાદપક્ષ ધ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં પણ સાહેદ ફરીયાદપક્ષને સમર્થનરુપ હકીકત જણાવવામાં નિષ્ફળ ગયેલ છે.

<u>ફરીયાદી તથા તેઓના પતિનો પુરાવો :–</u>

(૧૫) ફરીયાદપક્ષે આ કામના **ફરીયાદી મયુરીબેન સંજયભાઇ ઠકકરને આંક–૮૭ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ ફરીયાદી પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ

બનેલો. તે વખતે તેણી ગાંધીધામ પોતાના ઘરે હતા. તેમની મોટી રેલડી ગામે વાડી છે ત્યાંથી ફોન આવેલ કે આપણી વાડી પર ઘણા બધા માણસો ઘુસી આવેલ છે અને ખાડો ખોદે છે. આ માહિતી બપોરે સાડા ચાર વાગ્યે મળેલ. આથી તેમના હસબન્ડને ફોન કરતા તે આવી શકે તેમ ન હોઇ તેમને જવા જણાવતા તેણી ગાંધીધામથી રેલડી સાંજે છ સાડા છ વાગ્યે પહોંચેલ. ત્યારે ત્યાં માણસો હાજર હતા અને ખાડા ખોદતા હતા. જેથી ખાડા ખોદવા બાબતે તેણે પુછતા જણાવેલ કે આ અમારી વાડી છે અમારા કબજાની છે તમો કોણ છો. જેથી તેઓએ જણાવેલ કે ખાડા ખોદવા માટે પૈસા મળેલ છે અને તેઓ ગાળાગાળી કરવા લાગેલ. જેમાં એક લક્ષ્મણ ભુરા, હૈદરશા પીર, ધનજી હરજી તથા બીજા એક અન્ય ઈસમ હાજર હતા. તેઓ બધા ગાળાગાળી કરવા લાગેલા અને અહીંથી ચાલી જા નહીતર જાનથી મારી નાખીશુ તેમ જણાવેલ. આથી તેમણે જણાવેલ કે આ વાડી મારી છે કેવી રીતે જાઉં. જેથી લક્ષ્મણ ભુરાએ તેને ધકકો મારતા તે નીચે પડી ગયેલ અને હાથના ભાગે ઈજા થયેલી. તેઓ ધારીયા, સળીયા, કુહાડી વડે હુમલો કરવા લાગેલા. હૈદરશાએ સળીયો ઉપાડેલો અને સાથેનાઓ ધમકી આપેલ અને જણાવેલ કે તને પતાવી જ નાખવી છે અહીંથી ચાલી જા તેવું જણાવેલ. જેથી તેણી ત્યાંથી નીકળેલ અને તેઓ તેની પાછળ પાછળ આવેલ અને બાદ તેણી ફરીયાદ લખાવવા પધ્ધર પો.સ્ટે. જઇ ફરીયાદ આપેલ. ફરીયાદ તથા સહી ઓળખી બતાવેલ છે જે ફરીયાદ આંક-૮૮ થી રજુ થયેલ છે. આજની તારીખે પણ આ લોકો બહુ માથાભારે છો અને ડર લાગે છે અને જાનથી મારી નાખવાની બીક લાગે છે. તેમની રેલડી ખાતે આવેલ જમીનના સર્વે નંબર હાલ યાદ નથી. ધમકી આપનાર આરોપીઓને તેઓ ઓળખી શકે. ફરીયાદ બાદ પોલીસે તેનું નિવેદન લીધેલ કે કેમ તે હાલે યાદ નથી. તેમણે ઉપર લખાવ્યા સિવાય બીજું પોલીસને કાંઇ લખાવેલ નથી.

બચાવપક્ષની ઉલટતપાસમાં ફરીયાદીએ જણાવેલ છે કે સરતપાસમાં જે વાડી જણાવેલ છે તે તેમના નામે નથી પરંતુ તેમના પતિના નામે છે. રેવન્યુ રેકર્ડમાં તેમના પતિના નામે દાખલ થયેલ છે કે કેમ તેનો તેમને ખ્યાલ નથી. આ જમીન બાબતે તેમના પતિએ દાવા કરેલ કે કેમ તેનો તેમને ખ્યાલ

નથી. સદરહુ જમીન બાબતે ફોજદારી કેસ પેન્ડીંગ છે જે બાબતે તેમના પતિ જેલમાં જઇ આવેલ. તેઓએ એ હકીકત કબુલ કરેલ છે કે તેમના પતિ પર હાલ ફોજદારી કેસો ચાલુ છે જેમાં મોટા ભાગના જમીન અંગેના છે. જેનો ફોન આવેલ તે તેઓની વાડીમાં નોકરી કરતા માણસનો ફોન હતો કે કેમ તે તેઓ કહી શકે નહીં. તેઓએ એ હકીકત કબુલ કરેલ છે કે જયારે તેણી વાડી પર પહોંચી ત્યારે ત્યાં અમારાઅ માણસ હાજર ન હતા. આ જમીન તેઓના પતિને અન્ય કોઇને વેચાણ આપી દીધેલ હોય અને તેમાં સમાધાન કરેલ હોય અને અગાઉ જમીન બાબતે પેપરમાં જાહેર નોટીસ આવેલી કે કોઇ પોલીસ ફરીયાદ થયેલી કે કેમ તે બાબતે તેમને કાંઇ ખબર નથી. તેઓએ એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે બનાવ બાદ તેણી સીધી ગાંધીધામ જતી રહેલી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેણી પો.સ્ટે. ને ગયેલી. ફરીયાદ લીધા બાદ તેણી પાછી વાડીએ આવેલ અને પછી ગાંધીધામ પરત ફરેલ. બનાવ બાબતે રુબરુમાં કોઇ સાથે વાત કરેલ નથી પરંતુ પતિ સાથે ફોન પર એક જ વખત વાત કરેલી. તેઓએ જણાવેલ છે કે ભુજમાં રહેતા જયંતીભાઇ ડુમરાવાળા તેમના નણંદોઇ થાય છે અને જેન્તીભાઇ તથા તેના ફેમીલીવાળા પર ખોટા દસ્તાવેજો બનાવવા તથા તેના આધારે અન્યની જમીન પર લોન લીધેલ તે બાબતે ફરીયાદ થયેલી છે તેમજ આક્ષેપો પણ થયેલા છે અને ઘણા ક્રિમીનલ કેસો પણ થયેલા છે. તેઓએ કબુલ કરેલ છે કે તેમણે જે આરોપીઓના નામ લખાવ્યા તેઓને બનાવ પહેલા તેણી અગાઉ કયારેય પણ મળેલ ન હતી, તેમના નામ જાણતી કે ઓળખતી ન હતી. તેઓએ સ્વીકારેલ છે કે તેમને ફરીયાદના દિવસે કોઇએ ધકકો માર્યો એ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી.

વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે સંજયભાઇ ઠકકર તેમના પતિ છે. તેઓએ કબુલ કરેલ છે કે બનાવ બાદ તેણી પો.સ્ટે. ને ગયેલ અને બાદ ત્યાંથી ઘરે ગયેલ. તેમના પતિ બનાવના બીજા દિવસે ઘરે આવેલા. તેઓએ સ્વીકારેલ છે કે બનાવના બીજા દિવસે તેણી ઘરે જ હતી. બનાવ બાદ ગાંધીધામથી ભુજ આવતા દરમ્યાન કોની કોની સાથે વાત થયેલી તે હાલ તેમને યાદ નથી. તેઓએ કબુલ કરેલ છે કે ફરીયાદમાં બનાવની જાણ કરેલ તે માણસોના નામ લખાવેલ છે. તેઓએ એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે

સર્વે નંબર ફરીયાદમાં લખાવેલ તેની માલિકી આરોપીઓની છે અને તેનું નામ રેવન્યુ રેકર્ડ પર હાલે છે. તેઓએ સ્વીકારેલ છે કે બનાવવાળી જમીન કયારેય તેમના પતિના નામે રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ નથી. તેઓએ કબુલ કરેલ છે કે બનાવવાળી જગ્યાએ તે કયારેય રહેતી ન હતી. તેઓએ સ્વીકારેલ છે કે કેસ પછી આરોપી સાથે કોઈ બોલાચાલી થયેલ નથી. તેઓએ ડેપ્યુટી કલેકટરમાં અપીલ કરેલ છે.

(૧૬) ફરીયાદપક્ષે આ કામના **સાહેદ સંજય પ્રતાભાઈ ઠકકરને આંક–૧૪૨ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ૨૦૧૩–૧૪ માં બપોરના બે થી પાંચ વચ્ચે તેમની વાડી પર બનેલો. બનાવની જાણ તેમના પત્નીએ કરેલ કે વાડીમાં કોઈ વ્યકિતઓ ઘુસી આવેલ છે અને ગેરકાયદેસર કબજો કરે છે. વાડીએથી ફોન આવેલો. તેમના પત્ની વાડી પર ગયેલા તે સમયે વાડી પર તેમના પત્ની સાથે લક્ષ્મણભાઈ કરમણભાઈ ભુરા બતા આહીર, હૈદરશા પીર, ધનજી હરજી, ઈબ્રાહીમ અલીમામદે મારઝુડ કરેલી. તેમના પત્નીના પેટ પર તથા શરીરે લાતો મારેલી અને ગાડી ચલાવવાની કોશીષ કરેલી. ઈબ્રાહીમ સુમરાએ લોખંડનો સળીયો પગમાં મારતા તેમના પત્ની પડી ગયેલ. તમામ આરોપીઓએ તેમના પત્નીને ભુંડી ગાળો બોલેલી અને જાનથી મારી નાખવાની ધમકી આપેલી. આ સિવાય બીજું કંઈ બનેલ નહીં. તેઓ આરોપીઓને ઓળખી શકે.

બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદે એ હકીકત કબુલ કરેલ છે કે બનાવવાળી જગ્યા બાબતે તેની તરફેણમાં થયેલ દસ્તાવેજ ખોટો જે અંગે તેમના વિરુધ્ધ એફ.આઈ.આર. થયેલી, ચાર્જશીટ થયેલ અને જેલમાં ગયેલ અને હાલ જામીન પર છે. તેઓએ કબુલ કરેલ છે કે આ જમીન બાબતે તેણે દાવો કરેલ જે પરત ખેંચી લીધેલ છે. તેઓએ કબુલ કરેલ છે કે બનાવ બાદથી આ કામના આરોપીઓએ તેમને કયારેય હેરાન કરેલ નથી. તેઓએ કબુલ કરેલ છે કે જમીન બાબતે ડેપ્યુટી કલેકટરમાં અપીલ કરેલી તેમાં વિવાદીત જગ્યા સુખડી પર આપી દીધેલાનું લખેલ છે. તેઓએ એ હકીકતનો

ઈન્કાર કરેલ છે કે તેઓ આરોપીઓને બનાવ પહેલાથી ઓળખતા નથી. તેઓએ સ્વીકારેલ છે કે બનાવના દિવસે વાડી પર માણસો કામ કરતા હતા જેના નામ ગણેશભાઇ, ઉમરભાઇ, દિલીપભાઇ છે. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે વાડી પર કામ કરતા માણસોએ તેમને બનાવની જાણ કરેલ નહીં. તેઓએ સ્વીકારેલ છે કે તેમણે બનાવ નજરે જોયેલ નથી.

(૧૭) ફરીયાદપક્ષે આ કામના **સાહેદ વીરમભાઈ રમાભાઈ ગઢવીને આંક–૧૪૫ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ જીલ્લા મેજી. કચેરીમાં ફરજ બજાવે છે. તા.૩૦/૯/૨૦૧૩ ના સમયના અધિક જીલ્લા મેજી.શ્રી ડી.બી.શાહ સાહેબે મેળા અને ઉત્સવોની ઉજવણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા.૨/૧૦/૨૦૧૩ થી તા.૩૧/૧૦/૨૦૧૩ દરમ્યાન જી.પી.એકટની કલમ–૩૭(૧) અન્વયે જાહેરનામું બહાર પાડેલ. જેમાં શાહ સાહેબની સહી છે જે ઓળખી બતાવે છે અને આંક–૧૪૬ થી રજુ કરેલ છે.

બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદે એ હકીકત કબુલ કરેલ છે કે જાહેરનામાની પ્રસિધ્ધીની કામગીરી તેઓ રુબરુ થયેલ નથી, કેવી રીતે અને કેવા સંજોગોમાં પ્રસિધ્ધ થયેલ તે તેઓ તે સમયે નોકરી પર ન હોઈ કહી શકે નહીં, જાહેરનામામાં તેમની હાજરીમાં કોઈ અધિકારીએ સહી કરેલ નથી.

(૧૮) ફરીયાદપક્ષે આ કામના **સાહેદ ડો. જયાબેન વિકાસ ગોહીલને આંક–૧૫૦ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ગાયનેક છે અને ગાંધીધામ પ્રાઈવેટ દવાખાનુ ચલાવે છે. ઓકટોબર–૨૦૧૩ માં પેશન્ટ મયુરીબેન સંજયભાઈ ઠકકર તેમના પાસે સારવાર માટે આવેલા અને તેમની ફરીયાદ હતી કે તેમને એક મહિનો અને દસ દિવસ જેટલો સમય થઈ ગયેલ છે જેથી તેમનુ યુરીન ચેક કરાવતા લાઈટ પોઝેટીવ રીપોર્ટ આવેલ અને સોનોગ્રાફી કરાવતા પ્રેગ્નેન્સીના કોઈ લક્ષણ દેખાયેલા નહી અને તેમણે વીટામીન અને પ્રેગન્ન્સી

સપોર્ટને લગતી દવા લખી આપેલ અને દસ દિવસ પછી ફોલોઅપ માટે બોલાવેલા પરંતુ આવેલા નહીં.

બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદે એ હકીકત કબુલ કરેલ છે કે દર્દીએ તેમને બનાવ અંગે કોઇ હીસ્ટ્રી જણાવેલ નહીં, દર્દીને ગર્ભ હતો કે નહીં તે જાણી શકાયુ નહીં.

(૧૯) ફરીયાદપક્ષે આ કામના **સાહેદ ડો. મીરાબેન યુગલ કિશોર ઝા ને આંક-૧૫૧ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ૨૦૧૪ ની સાલમાં તેઓ જી.કે.જનરલ હોસ્પિટલમાં મે.ઓ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદી મયુરીબેન સંજયભાઇ ઠક્કર પતિ સંજય પ્રતાપભાઇ ઠક્કર તેમના પાસે તા.૨૭/૧૦/૨૦૧૩ ના સાંજના સાડા આઠ વાગ્યે સી.એચ.સી. અંજારમાંથી પ્રાથમિક તપાસ પછી રીફર થઇને સારવાર માટે આવેલા. હીસ્ટ્રી પુછતા જણાવેલ કે તા.૨૫/૧૦/૨૦૧૩ ના બપોરે કલાક ૩-૧૫ વાગ્યે રેલડી વાડી વિસ્તારમાં હાથ અને પગથી માર મારેલ છે. મારામારીનો કેસ હોતા પોલીસ ચોકીમાં જાણ કરેલ અને ઇજા પામનારને દાખલ કરેલ. તેને તપાસતા સ્ત્રી રોગ વિભાગમાં દાખલ કરવામાં આવેલ. યુપીટી વીકલી પોઝેટીવ આવેલ હતું. સોનોગ્રાફીમાં કોથળીની અંદર લોહી ભરેલ હતું તે વખતે કોઇ ગર્ભ ન હતો. સ્ત્રી રોગ વિશેષજ્ઞના અભિપ્રાય પ્રમાણે ગર્ભ પડી ગયેલ હોય એવું જણાવવામાં આવેલ. આગળની સારવાર અમદાવાદ સિવીલ હોસ્પિટલ ઓપીનીયન માટે મોકલવામાં આવેલ. તેઓએ સારવાર સર્ટીફીકેટ આપેલ જે આંક-૧૫૨ થી રજુ કરેલ છે. પોલીસે તેની પુછપરછ કરેલ અને તા.૨૦/૩/૨૦૧૪ ના રોજ નિવેદન નોંધેલ. દર્દીની સારવાર કરેલી તેણે હીસ્ટ્રી જણાવેલ તે મુજબ નિવેદન લખાવેલ.

બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદે એ હકીકત કબુલ કરેલ છે કે દર્દીએ હીસ્ટ્રીમાં કઇ બબતે કોની સાથે ઝઘડો થયેલો તેવી હકીકત લખાવેલ નથી, દર્દીએ જણાવ્યા પ્રમાણે ગર્ભ સંબંધી તેમણે કોઇ તપાસ કરેલ નથી કે તેનું સર્ટીફીકેટ મેળવેલ નથી.

(૨૦) ફરીયાદપક્ષે આ કામના **સાહેદ ત.ક.અ. લખમણજી રમજુજી ડાભીને આંક–૧૬૨ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૫/૧૦/૨૦૧૩ ના રોજ તેઓ ભુજ તાલુકા પો.સ્ટે. માં હાજર હતા ત્યારે મયુરીબેન સંજયભાઈ ઠક્કર ફરીયાદ આપવા આવતા તેઓ રુબરુની ફરીયાદ લખી લીધેલ. જે ફરીયાદ પી.એસ.ઓ. રહેમતુલ્લા તરફ મોકલી આપેલ. આ સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી.

બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદે એ હકીકત કબુલ કરેલ છે કે ફરીયાદ સાથે ફરીયાદીએ કોઈ દસ્તાવેજ, આધારો રજુ કરેલા નથી, ફરીયાદમાં જે જમીનનો ઉલ્લેખ છે તે સંબંધેનો કોઈ આધાર મેળવેલ નથી, તેમણે ફરીયાદ સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી.

(૨૧) ફરીયાદપક્ષે આ કામના **સાહેદ ત.ક.અ. કનકસિંહ ગગુભા રાણાને આંક–૧૬૩ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, જીલ્લા પોલીસ અધિકારી કચ્છ–ભુજના પત્રથી સદરહુ પધ્ધર પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૨૯/૧૩ ની તપાસ તેઓને સંભાળવાનો હુકમ થતા તેઓએ પી.એસ.આઈ. ગઢવી પાસેથી તપાસ સંભાળેલી. તેઓએ આરોપીઓ બનાવ સમયે વાપરેલ હથિયાર કુહાડી, લોખંડનો સળીયો, લાકડી, લોખંડનું ધારીયુ તથા ગાડી સાથે હાજર થતા તે તમામ મુદામાલ રજુ કરતા પંચનામાની વિગતે કબજે કરી અટક કરેલ જે પંચનામું આંક–૧૬૦ થી રજુ છે જે ઓળખી બતાવે છે. ધોરણસરની કાર્યવાહી કરેલ અને સ્ટેટમેન્ટ લીધેલા અને આરોપીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરવા પુરતા પુરાવા હોઈ ચાર્જશીટ કરેલ. તેઓ આરોપીઓને જોયેથી ઓળખી શકે.

બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદે એ હકીકત કબુલ કરેલ છે કે પંચનામાની તારીખે આરોપીઓ જાતે સવારે ૯–૩૦ વાગ્યે પો.સ્ટે. માં હાજર થયેલા અને હાજર થતા તેઓની ધરપકડ કરેલી, ચાર્જશીટ કરતા પહેલા

પોલીસ પેપર્સનો અભ્યાસ કરવાનો રહે છે. તેઓએ એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે બનાવવાળી જગ્યાના કોઇ માલિકીના આધાર પુરાવા તેઓની અગાઉના તપાસ કરનાર અમલદારે મેળવેલા નહીં. બનાવવાળી જગ્યાનો કબજો ફરીયાદી કે તેના કુટુંબીજનોનો હોય તે દર્શાવતો કોઇ સરકારી આધાર પુરાવો મળેલ કે કેમ તે તેઓ કહી શકે નહીં. તેઓએ કબુલ કરેલ છે કે આરોપીઓની ઓળખ પરેડ થયેલ નથી.

(૨૨) ફરીયાદપક્ષે આ કામના **સાહેદ ત.ક.અ. ઘેલાભાઇ રાજાભાઇ ગઢવીને આંક–૧૭૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.૨૨/૨/૨૦૧૪ ના રોજ પધ્ધર પો.સ્ટે. માં ફરજ બજાવતા હતા ત્યારે હાલના ફ. ગુ.ર.નં.૨૯/૧૩ ની તેઓને તપાસ મળેલ. આ ગુનાની તપાસ અગાઉ પી.એસ.આઇ. એલ.આર. ડાભી સંભાળતા હતા. તપાસ સંભાળી તેઓએ ફરીયાદી મયુરીબેનનું વિશેષ નિવેદન લીધેલ. ડો. મીરાબેન, ડો. સમસુદીન, ડો. જયાબેનના નિવેદન લીધેલ અને સારવાર સર્ટીફીકેટ મેળવેલ. બાદ આગળની તપાસ પી.આઇ. કે.જી.રાણા સાહેબને સોંપવામાં આવેલ.

બચાવપક્ષની ઉલટતપાસમાં સાહેદે એ હકીકત કબુલ કરેલ છે કે તેમની તપાસ દરમ્યાન ગર્ભ રહેલો તે જણાઇ આવેલ નહીં. તેઓએ એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે તપાસ દરમ્યાન બનાવવાળી જગ્યાની માલિકી આધાર પુરાવા મેળવેલા નહીં કે તેમને આપેલા નહીં. તેઓએ સ્વીકારેલ છે કે તેમના સમક્ષ બનાવવાળી જગ્યાની માલિકીના આધાર પુરાવા રજુ થયેલ નહીં. તેઓએ કબુલ કરેલ છે કે તપાસ દરમ્યાન પક્ષકારો વચ્ચે સિવીલ કેસો થયેલાનું જાણવા મળેલ. તેઓએ સ્વીકારેલ છે કે તપાસ દરમ્યાન ફરીયાદીને થયેલ નુકસાનનો કોઇ પુરાવો મળેલ નહીં.

<u>**પુરાવાનું મુલ્યાંકન :–**</u>

(૨૩) હાલના કેસમાં આરોપીઓ વિરુધ્ધ ફરીયાદીની વાડીમાં ઘુસી, ખાડા ખોદી, દિવાલ તોડી, ગાળો આપી, માર મારી ઈજા પહોંચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપી અને એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોવાના આક્ષેપ છે. જે સંબંધે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કોડની કલમ–૪૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ ના આક્ષેપોનુ ત્હોમત ઘડવામાં આવેલ છે.

(૨૩.૧) હાલના કામે ફરીયાદપક્ષના પંચ સાક્ષીઓનો પુરાવો ધ્યાને લેતા જણાય છે કે કાસમ ઈસ્માઈલ (આંક–૪૨), દિલીપસિંહ કરણસિંહ (આંક–૭૭) અને સહદેવ ભાણાભાઈ (આંક–૧૫૯) નાઓએ પંચનામાની હકીકતોનો ઈન્કાર કરેલ છે. આમ પંચનામાની હકીકતો પુરવાર થતી ન હોઈ ફરીયાદપક્ષને સમર્થન થતું નથી. આ સંજોગોમાં બનાવ સ્થળનું પંચનામું તથા મુદામાલ રીકવરીનુ પંચનામું સાહેદોની જુબાનીથી સમર્થન મળતું નથી.

(૨૩.૨) હાલના કામે મુખ્યત્વે ભોગ બનનાર મયુરીબેનની જુબાની છે. આ સિવાયના અન્ય તમામ પોલીસ ધ્વારા નોંધાયેલા સાહેદો ધ્વારા બનાવ હકીકતોનો ઈન્કાર કરેલ છે. આમ ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૩૪ મુજબ પુરાવાની સંખ્યાને નહીં પરંતુ ગુણવતાને ધ્યાને લેવાનું છે. આ સંજોગોમાં મયુરીબેનની જુબાનીનું મુલ્યાંકન થવું જરુરી જણાય છે. સદર ફરીયાદીનાઓએ બનાવવાળી જગ્યા વાડી તેઓની માલિકીની હોવાનું જાહેર કરેલ છે, પરંતુ ફરીયાદપક્ષના પુરાવા દરમ્યાન કયાંય પણ સદર બનાવવાળી જગ્યા ફરીયાદી કે તેમના પતિની હોય તેવી હકીકત દર્શાવતો દસ્તાવેજ રજુ થયેલ નથી. એથીય વિશેષમાં ફરીયાદીના પતિ સંજયભાઈ ઠકકર (આંક–૧૪૨) ના પુરાવામાં સ્પષ્ટ થાય છે કે બનાવવાળી જગ્યાનો દસ્તાવેજ ખોટો બનાવવા અંગે તેઓ વિરુધ્ધ એફ.આઈ.આર. થયેલ છે. આમ બનાવવાળી જગ્યા ફરીયાદીના પતિની હોય તેવી હકીકત ફલીત થતી નથી. ફરીયાદી પણ ઉલટતપાસ દરમ્યાન સ્વીકારેલ છે કે બનાવવાળી જગ્યા રેવન્યુ રેકર્ડમાં

તેઓના પતિના નામે કયારેય દાખલ થયેલ નથી. આમ ફરીયાદીની જુબાનીનું મુલ્યાંકન કરતા સ્પષ્ટ થાય છે કે તકરારી જગ્યા ફરીયાદી કે તેઓના પતિની હોય તેમ નથી. આ સંજોગોમાં અનધિકૃત રીતે મિલ્કતમાં ઘુસી નુકસાન કરેલ હોવાની હકીકત ફરીયાદીના પુરાવામાં પુરવાર થતું નથી. કારણ કે તકરારી જમીન ફરીયાદીની હોય તેવું પુરવાર થતું નથી. તેથીય પણ વિશેષમાં ઘેલાભાઇ રાજાભાઇ ગઢવી (આંક-૧૭૪) ના પુરાવામાં પણ જણાય છે કે બનાવવાળી જગ્યાના આધાર પુરાવા તપાસ દરમ્યાન ફરીયાદીએ આપેલ નથી. આ જ પ્રમાણે ફરીયાદીને થયેલ નુકસાન અંગેનો પણ કોઇ આધાર પુરાવો મળેલો નથી. આમ ફરીયાદીની જુબાનીનું સ્વતંત્ર મુલ્યાંકન કરતા શંકાસ્પદ જણાય છે.

(૨૩.૩) ફરીયાદીનો આક્ષેપ આરોપીઓ ધ્વારા સળીયા, ધારીયા અને કુહાડી વડે હુમલો કરવાની કોશીષ અંગેનો છે. જો કે આવા ગંભીર આક્ષેપોને સમર્થન કરતા સ્વતંત્ર અને નિષ્પક્ષ સાક્ષી રેકર્ડ ઉપર મળી આવેલ નથી. ઉલ્લેખનીય છે કે હથિયાર હોવાની વાત માની લેવામાં આવે તો તે બાબતેનો પુરાવો, જપ્તી અથવા વિશ્વસનીય મૌખિક પુરાવાથી સ્વીકારવાનું રહે છે, પરંતુ આ કેસમાં પંચ સાક્ષી ફરી ગયેલા છે અને જપ્તીની પ્રક્રિયા પણ વિશ્વસનીય રીતે સાબીત થતી નથી. ફરીયાદીની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ હકીકતથી વિપરીત પુરાવો જણાઇ આવે છે. આંક-૮૮ વાળી ફરીયાદ વાંચતા આરોપીઓએ હુમલો કરી ઈજા પહોંચાડેલ હોય તેવી હકીકત સદર ફરીયાદમાં નથી. સદર આંક-૮૮ વાળી ફરીયાદ અક્ષરસ: વાંચવામાં આવે તો ફરીયાદી જણાવે છે કે પડી જવાને કારણે ડાબા હાથની હથેળીમાં ઈજા થયેલી હતી. ફરીયાદીની સરતપાસ વાંચતા જણાવેલ છે કે લક્ષ્મણ ભુરાનાઓએ તેઓને ધકકો મારેલો હતો. આમ ધકકો મારવાની હકીકત મુળ ફરીયાદમાં જ સ્પષ્ટ જણાવેલ નથી. આમ છતાં ફરીયાદ વાંચતા એવી હકીકત જણાય છે કે ઘણા બધા માણસો ખોદકામ કરી રહેલ છે. જયારે પુરાવા દરમ્યાન આરોપીઓએ ધકકો મારેલો તથા હુમલો કરેલો તેવી વિરોધાભાસી હકીકતો જણાઇ આવે છે. આમ ફરીયાદ તથા કોર્ટ સમક્ષ

નોંધાયેલ પુરાવામાં મહત્વપુર્ણ તફાવત જણાઇ આવે છે. તેથીય પણ વિશેષમાં ફરીયાદપક્ષે ડો.જયાબેન ગોહીલ (આંક–૧૫૦) નો પુરાવો ધ્યાને લેતા તેઓએ ફરીયાદીની તપાસ દરમ્યાન પ્રેગનન્સી સંબંધે તપાસ કરેલી છે. આ સિવાય ઈજા સંબંધે કોઇ પુરાવો જણાઇ આવતો નથી. આ જ પ્રમાણે ડો. મીરાબેન ઝા (આંક–૧૫૧) નો પુરાવો વાંચતા પણ જણાય છે કે ઈજા પામનારને ઈજાના કોઇ નિશાન ન હતા અને તેને તપાસતા યુપીટી વીકલી પોઝેટીવ હતું અને સોનોગ્રાફીમાં કોથળીની અંદર લોહી ભરેલ હતું અને કોઇ ગર્ભ રહેલ ન હતો. આમ ફરીયાદીને ધકકો મારી ઈજા પહોંચાડેલ હોય તેવી હકીકતોને તબીબી પુરાવામાં પણ સમર્થન મળતું નથી. પુરાવા અધિનીયમની કલમ–૪૫ મુજબ નિષ્ણાંતનો અભિપ્રાય મદદરુપ પુરાવો છે. જો કે, હાલના કેસમાં તબીબી પુરાવો, નજરે જોનાર સાહેદોનો પુરાવો અને તપાસ દરમ્યાન નોંધાયેલ પુરાવા વચ્ચે સુસંગત નથી. આમ સદર આક્ષેપો સંબંધે પણ સ્વતંત્ર અને નિષ્પક્ષ પુરાવો જણાઇ આવતો નથી.

(૨૩.૪) હાલના કામે આરોપીઓ વિરુધ્ધ જાહેરનામા ભંગ સંબંધેનો આક્ષેપ છે. પરંતુ સાહેદ વીરમભાઇ રમાભાઇ ગઢવી (આંક–૧૪૫) ના પુરાવામાં તા.૨/૧૦/૨૦૧૩ થી ૩૧/૧૦/૨૦૧૩ સુધી જાહેરનામું અમલમાં હતું તેવી હકીકત રેકર્ડ ઉપર લાવેલ છે. આમ છતાં પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષ ધ્વારા આરોપીઓએ હથિયાર ધારણ કરેલ હોય તેવી કોઇ હકીકત પુરવાર થયેલ નથી.

(૨૩.૫) આ કામે સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા સ્પષ્ટ બને છે કે કેસનો મુખ્ય વિવાદ જમીન સંબંધેનો છે. ફોજદારી ફરીયાદ સાથે દિવાની તકરાર સામેલ હોય ત્યારે કોર્ટ ધ્વારા સતર્ક રહેવું જરુરી છે. ફોજદારી કાયદાનો ઉપયોગ દિવાની તકરારનું નિવારણ કરવા માટે ન થાય અને ફોજદારી કાર્યવાહીનું સિવીલના વિવાદમાં નિર્ણય માટે રુપાંતર ન થાય તે જરુરી છે. હાલના કામે ફરીયાદી તથા તેઓના પતિનો પુરાવો ધ્યાને લેતા વ્યકિતગત જમીનના હિત માટે હાલની ફરીયાદ કરેલ હોય તેમ જણાય છે.

કોર્ટ સમક્ષ નોંધાયેલ પુરાવામાં ફરીયાદી અને તેમના પતિની કબુલાતથી સ્પષ્ટ બને છે કે તકરારી જમીન ફરીયાદીની માલિકીની હોય તેમ નથી. આમ ફરીયાદ હકીકતોને સ્વતંત્ર સાહેદોના પુરાવા વિના વિશ્વાસનીય ગણી શકાય નહીં.

(૨૩.૬) ફરીયાદપક્ષ ધ્વારા રજુ પુરાવા દરમ્યાન બનાવ સમયે આરોપીઓએ જાહેર શાંતિનો ભંગ કરેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી. બનાવવાળી જગ્યા વાડી વિસ્તાર છે. જેમાં બનેલ બનાવની હકીકતોને સ્વીકારવામાં આવે તો પણ ફરીયાદીનું હકક હિત ન હોવા છતાં બનાવ સ્થળ ઉપર હોવુ તે ઉશ્કેરણીજનક કૃત્ય છે. આમ ફરીયાદી પોતે જ બનાવવાળી જગ્યાએ હકક હિત વિના સ્થળ પર પહોંચેલા હોય ત્યારે આરોપીઓ વિરુધ્ધ જાહેર શાંતિનો ભંગનો આક્ષેપ પુરવાર થતો નથી. પુરાવા દરમ્યાન એવી કોઇ હકીકત ફલીત થતી નથી કે આરોપીઓએ ગાળો બોલેલા હોય. ફરીયાદી ધ્વારા એવા કોઇ શબ્દોનો ઉલ્લેખ હાલની આ ફરીયાદ કે કોર્ટ સમક્ષના પુરાવામાં કરેલ નથી. આ જ પ્રમાણે ગુન્હાહિત ધમકી સંબંધે પણ પુરાવો જણાતો નથી. ફરીયાદી સરતપાસમાં આ લોકો બધા માથાભારે છે અને ડર લાગે છે અને જાનથી મારી નાખવાની બીક લાગે છે તેમ જણાવેલ છે, પરંતુ સદર ધમકી અથવા કોના કારણે બીક લાગે છે તેવી કોઇ હકીકત સ્પષ્ટ અને સચોટ રીતે જણાઇ આવતી નથી. ફરીયાદ હકીકત સાથે પુરાવો વાંચતા ફરીયાદીને ચોકકસ ધમકી આપેલ હોય તેના શબ્દોનો ચોકકસ ઉલ્લેખ નથી. એથીય પણ વિશેષમાં ઉલટતપાસ દરમ્યાન ફરીયાદી જણાવે છે કે તેઓ ફરીયાદ આપ્યા બાદ પોતાના ઘરે ગાંધીધામ મધ્યે જતા રહેલ હતા અને એ વાત સ્વીકારે છે કે બનાવવાળી જગ્યાએ કયારેય ગયેલ નથી. ફરીયાદી એવી હકીકત પણ સ્વીકારેલ છે કે આ બનાવ બાદ બીજા કોઇ બોલાચાલી થયેલ નથી. આમ ધમકી આપેલ છે તેટલા શબ્દો આધારે પુરવાર થયેલ માની શકાય નહીં. ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધ શંકાથી પર સાબીત કરવાનું રહે છે કે ધમકીના કારણે પરિણામલક્ષી કૃત્ય આચરવામાં આવેલ હતું. હાલના કેસમાં સ્પષ્ટ થાય છે કે જમીન સંબંધી વિવાદ અસ્તિત્વમાં હોવાને

કારણે બનાવ બનેલ છે. આમ આ સંજોગોમાં સદર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા આરોપીઓ વિરુધ્ધ ફરીયાદપક્ષે શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**<u>ઈ.પી.કોડની કલમ–૪૨૭ અંગે પુરાવાનું મુલ્યાંકન :</u>**

(૨૪) કલમ–૪૨૭ હેઠળની સ્થિતી સાબીત કરવા માટે ફરીયાદપક્ષે સાબીત કરવું પડે કે આરોપીઓએ ઈરાદાપુર્વક અથવા જાણીજોઈને એમની મિલ્કતોનો નાશ કરી વેડફાટ કરેલ અને તેને કારણે નુકસાન થયેલ. હાલના કામે બનાવવાળી જગ્યા ફરીયાદી કે તેઓના પતિની માલિકીની હોય તેવો કોઈ સ્વતંત્ર પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં સદર જગ્યા પર થયેલી તોડફોડ કે નાશ સંબંધેનો સ્વતંત્ર પુરાવો ન હોઈ સદર કલમના આવશ્યક તત્વો પુરવાર થતા નથી. જેથી કલમ–૪૨૭ હેઠળ મિલ્કતનું ઈરાદાપુર્વક નુકસાન થયેલ હતું તે સાબીત થતું નથી.

**<u>કલમ–૫૦૪ અંગે પુરાવાનું મુલ્યાંકન :</u>**

(૨૫) કલમ–૫૦૪ માટે ફરીયાદપક્ષે પુરવાર કરવાનું છે કે આરોપીઓએ ઈરાદાપુર્વક અપમાન કરી અને આવા અપમાનનુ સ્વરુપ એ હતું કે શાંતિ ભંગ થયેલ હોવાનું બનેલ હતું. હાલના કેસમાં ફરીયાદી ધ્વારા પુરાવા દરમ્યાન ચોકકસ શબ્દોનો પ્રયોગ, હાજર સાક્ષીઓની અને બનાવને કારણે શાંતિ ભંગ થવાની વાસ્તવિક સંભાવના અંગે વિશ્વસનીય પુરાવો નથી. વધુમાં ફરીયાદીની જુબાનીમાં જમીન વિવાદોની ભુમિકા હોય ત્યારે ફરીયાદમાં પુર્વગ્રહના તત્વો જણાઈ આવે છે. જે સંજોગોમાં કલમ–૫૦૪ ના આવશ્યક તત્વો આરોપીઓ વિરુધ્ધ શંકાથી પર સાબીત થતા નથી.

**<u>કલમ–૫૦૬(૨) અંગે પુરાવાનું મુલ્યાંકન :</u>**

(૨૬) આ કલમ હેઠળ ફરીયાદપક્ષે સાબીત કરવુ જરુરી છે કે આરોપીઓના કારણે ગંભીર ભય ઉભો થાય અને ખાસ કરીને જાનથી મારી નાખવાની ધમકી સાબીત કરવાની છે. ફરીયાદી અને તેના પતિ ધ્વારા

ધમકી સંબંધે સ્પષ્ટ કોઇ હકીકત જણાવેલ નથી. ફરીયાદીની ફરીયાદ તથા સરતપાસના સોગંદ પરના પુરાવામાં મહત્વનો તફાવત/ફેરફાર જણાઇ આવે છે. વધુમાં ધમકીનું સ્વરુપ અને કયા ચોકકસ શબ્દોમાં આપવામાં આવેલી અને કયા આરોપીએ આપી અને તેના કારણે ફરીયાદી પર શું વાસ્તવિક અસર પડી તે બાબત ચોકકસ સાબીત થતી નથી. આમ સામાન્ય ધમકીનું નિરુપણ સ્વતંત્ર આ કલમ હેઠળ પુરવાર થયેલ માની શકાય નહીં. સદર કલમ હેઠળનો ગુનો પુરવાર થતો નથી.

**<u>કલમ-૧૧૪ અંગે પુરાવાનું મુલ્યાંકન :</u>**

(૨૭) આ કલમ સંબંધે ફરીયાદપક્ષે પુરવાર કરવાનું રહે છે કે આરોપીઓએ ગુનાના બનાવ સંબંધે હાજર રહી મદદરુપ બનેલ અથવા તો મુખ્ય ગુનાને પ્રોત્સાહન આપેલ છે. જયારે આ કામે મુખ્ય ગુન્હો જ પુરવાર થતો ન હોય તેવા સંજોગોમાં આ કલમ સ્વતંત્ર રીતે પુરવાર થતી નથી. વધુમાં કયા આરોપીએ કોને કેવી રીતે અને કયા હથિયારથી મદદગારી કરી તેનો ગુન્હા સંબંધે શું સીધો સંબંધ હતો તે બાબત સ્પષ્ટ અને સ્વતંત્ર પુરાવાથી સાબીત થતી નથી.

**<u>જી.પી.એકટની કલમ-૧૩૫ અંગે પુરાવાનું મુલ્યાંકન :</u>**

(૨૮) આ જાહેરનામાના ભંગ સંબંધેનો આક્ષેપ હોય ત્યારે પુરવાર કરવું જરુરી છે કે જાહેરનામું અમલમાં હતું. તે સમયે આરોપીઓએ તેનો ભંગ કરેલ હતું. હાલના કામે જાહેરનામાના સમય દરમ્યાન આરોપીઓએ હથિયાર ધારણ કર્યો હતો તેવું સ્વતંત્ર અને વિશ્વસનીય પુરાવાથી પુરવાર થતું ન હોઇ આ કલમ હેઠળના આક્ષેપો પુરવાર થતા નથી.

**<u>નિષ્કર્ષ :-</u>**

(૨૯) આમ, રજુ પુરાવાના મુલ્યાંકનથી જણાય છે કે, આરોપી વિરુઘ્ધ સચોટ પુરાવો નથી. ફરીયાદી જ ભોગ બનનાર છે અને તેઓની જુબાનીથી જ આક્ષેપિત ગુનાના આવશ્યક તત્વો પુરવાર થતા નથી. આ સંજોગોમાં જયારે ફરીયાદી અને ભોગ બનનાર એક જ છે ત્યારે તેઓની

જુબાનીથી બનાવ હકીકતને સમર્થન મળતું ન હોય તેવા સંજોગોમાં બનાવ હકીકતો શંકાસ્પદ જણાય છે.

(૩૦) આ કામે ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે તથા રેકર્ડ પરના પુરાવાઓ જોતા આરોપી ઉપર શંકા ઉદભવે છે, પરંતુ શંકા કાનુની પુરાવાનું સ્થાન લઈ શકે નહીં. સદર કામમાં ચાર્જશીટ સાથે રજુ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લેતા અને જે મહત્વના સાહેદોને તપાસવામાં આવેલ છે તેઓની જુબાની વંચાણે લેતા, આરોપીએ આક્ષેપિત ગુનો કરેલ હોવાનું શંકારહિત પુરાવાથી પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઈ, મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૩૧) આમ, ઉપરોકત મુદા નં.૧ ની ચર્ચા ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ મુદા નં.૧ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે ત્યારે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર હોય તે સંજોગોમાં મુદા નં.૨ નો નિર્ણય આખરી હુકમ મુજબ ફરમાવવામાં આવે છે.

## <u>-:: આખરી હુકમ ::-</u>

૧. આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૪૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૩૭(એ) અન્વયે દરેક આરોપીએ રૂા.૫,૦૦૦/- (અંકે રુપિયા પાંચ હજાર પુરા) લેખેના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. અપીલ સમય વિત્યા બાદ મુદામાલ વાહન અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ બીનશરતી કાયમ કરવામાં આવે છે અન્યથા તેના માલિકીપણાની ખરાઈ કરી તેના માલિકને પરત સોંપવો તેમજ અન્ય મુદામાલ અંગે નિયમ મુજબની કાર્યવાહી કરી નાશ/નિકાલ કરવો.

હુકમ આજ તારીખ : ૧૬મી, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૧૬/૦૬/૨૦૨૬
ભુજ–કચ્છ

**(કે.સી.જોષી)**
અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
ભુજ–કચ્છ (કોડ નં.જીજે૦૧૧૩૨)

MD